

# ગુણાતીત જ્યોત






બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.


વર્ષ ૫૧, અંક : ૪, તા.૨૧મી એપ્રિલ, ૨૦૨૧, સંવત - ૨૦૭૭ ચૈત્ર સુદ - ૯, બુધવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂ.૧૦૦



૧૨/૭/૮૪

સ્વામી [illegible]

ગુણાતીત સમાજના જય
[illegible]

[illegible]

યોગીજી મહારાજનો જન્મ દિન ઉજવવા ભેગા થયા. [illegible]

[illegible]

પપ્પા




# ગુણાતીત જ્યોત

બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.

સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી


## સ્વાધ્યાય સંદેશ

### સંજીવની મંત્ર : ૯

આપણે જ્યારે નામ, નાત, જાત છેક પ્રકૃતિપુરુષ સુધીનું જે આપણું ગણાય તે સળગાવી, રાખ કરી, તેના સિંહાસન ઉપર બિરાજી આ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવાની સાધના શરૂ કરી છે તો આપણે ખોવાનું શું છે ? તે ડરો છો ? - પપ્પા



### શ્રીજી રસામૃત :-

...ઈંદ્રિયો અંતઃકરણને પંચવર્તમાનના નિયમરૂપ જે પાંજરું તથા બેડી તેમાં રાખીને ભગવાનની ભક્તિ કરાવવી પણ એને વિષે ગુણ ન લેવો. શત્રુભાવ જ રાખવો. અને જો એમને ભક્તિમાં ઉપયોગી માનીને હેતુ માને ને એનો ગુણ લે તો ભગવાનનાં દર્શન, સ્પર્શનાદિકને વિષે સુખ મનાવતે થકે જો સ્ત્રીયાદિકને વિષે કાંઈક સુખ મનાવી દે તો એનું કર્યું-કારવ્યું સર્વે વ્યર્થ થઈ જાય...' (વચ.પંચાળા-૩)



### શ્રી અક્ષર બ્રહ્મરસ :-

ભગવાનનો ને મોટા સાધુનો નિશ્ચય થયો હોય તે પોતાને પૂર્ણકામ માને ને તેને બીજાના સંગની અપેક્ષા ન રહે તેમાં દ્રષ્ટાંત જે ઘરમાં સો કરોડ મણ દાણા હોય તથા સો કરોડ રૂપિયા હોય તો તેને કાળ પડે તો મરવાની બીક ના લાગે. વળી બીજું, દ્રષ્ટાંત જે બે હજાર બખતરિયા ભેળા હોય તેને લૂંટાવાની બીક ના લાગે. તેમજ મહિમા સહિત નિશ્ચયવાળાને બીક નહીં.

(સ્વામીની વાતુ પ્રક. ૧ની ૩૧૭મી વાત)



### દિવ્યામૃત :-

આપણે દ્રષ્ટા સન્મુખ દ્રષ્ટિ રાખીને નિરંતર ભગવાનની સેવામાં રહેવું. સ્વધર્મ ચૂકવો જ નહીં. ભગવાન વિના બીજા પદાર્થ વહાલાં થવા દેવા નહીં. ધામ, ધામી ને મુક્તોમાં ભાવફેર ના કરવો. નિર્દોષબુદ્ધિ રાખીને જે થાય તે કરવું. તે વાતની અતિશય સાવધાની રાખવી.

### અનુક્રમણિકા


| અનુક્રમણિકા | પાન નં. |
|---|---|
| ગુરુહરિ પપ્પાજી મહારાજના આશિષ... | ૨ |
| સ્વાધ્યાય સંદેશ... | ૩ |
| પપ્પાજીની પરાવાણી... | ૪ |
| પ.પૂ.હરિપ્રસાદસ્વામીજીના પ્રાગટ્યદિને... | ૫ |
| પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા... | ૬ થી... |



# પપ્પાજીની પરાવાણી...

શ્રીજીમહારાજે વચ.ગ.પ્ર.૨૬માં નિર્ગુણમાર્ગનું કહ્યું. આજે તમે બધાં ભજન ગાઈ રહ્યા'તા. ત્યારે (પપ્પાજી કહે) અમે એક કથારૂપી કીર્તન જોડી રાખ્યું છે. એ તમારા આગળ કહીએ છીએ. જે મહારાજ કહેવા માંગતા હતા એનું એ જ હું બીજા શબ્દોમાં કહું છું. સર્વ ક્રિયા નિર્ગુણ કેમ થાય ? તે સમજાવું.

આર્યો જ્યારે હિંદુસ્તાનમાં ઉત્તરમાંથી સિંધુ નદીને કિનારે આવ્યા તે વખતે અનાર્ય લોકો બધાં બહુ પજવતા. હેરાન કરતાં. મારે, ટીપે વગેરે કરે એટલે સમાજના ચાર ભાગ પાડેલા. એક ભાગ બ્રાહ્મણોનો. એમને નિવૃત્તિમાર્ગ. એમણે કશું ખાવા-બાવાનું પેદા નહીં કરવાનું. ખાલી લોકોના હિતનું ચિંત્વન કરવાનું. આધ્યાત્મિક સમતામાં રહેવાનું. બ્રાહ્મણનો મોટામાં મોટો ગુણ રાગદ્વેષરહિત વર્તે એ બ્રહ્મનો ગુણ છે. બ્રાહ્મણનો ધર્મ કે આખો સમાજ છે એનું લાંબેગાળે કેમ હિત થાય એવા કાયદા આપવા. એવું શોધી કાઢવું. એટલે એ પ્રમાણે ક્ષત્રિયો, વૈશ્ય, શુદ્ર એમ વર્તતા. બ્રાહ્મણ પૂજ્ય મનાય. એને ખાવાનું, કપડાં જે જોઈએ તે બધું વૈશ્યો પૂરું પાડે. અને એમનું અને સમાજનું રક્ષણ ક્ષત્રિય પૂરું પાડે. આમ બ્રાહ્મણો નિષ્ક્રિય પણ આમ સક્રિય રહેતા.

અત્યારે હવે આપણે કયા અર્થમાં લેવાનું ? આપણે નિર્ગુણમાર્ગવાળા છીએ. મહારાજે કહી દીધું કે જે આધ્યાત્મિક સાધના કરે છે, પ્રત્યક્ષ ભગવાનનો નિશ્ચય છે, એને આશરે સમર્પિત થઈ ગયા. ભગવાનને કાયદે જીવવું છે. એને ઈન્દ્રિયો અંતઃકરણની ક્રિયાઓ કર્મના બંધનરૂપ ન હોય. કાળ એને ખાઈ ન શકે, માયા લય ના કરી શકે. એવું આપણા કર્મનું ફળ. અને પેલું તો કોઈ બી કર્મ કરો – મકાન બાંધો, ૧૦૦ વર્ષે તૂટી જવાનું છે. લ્યો કાળ ખાઈ ગયો. મકાન વળગી પડ્યું. એટલે એ કાળ, કર્મ, માયાથી બધું ચાલે છે. એનાથી પર એ ગુણાતીત. એટલે ગુણાતીત કાયદે જે જીવન જીવે તેનું પળેપળનું જીવન સનાતન હોવું જોઈએ. અત્યારે જે વાત કરું છું તે શબ્દો ઝીલી વર્તશો તેનાથી જે ફળ આવશે તે સનાતન. એટલું અજ્ઞાન કાઢી નાખશે. ફરી કોઈ દહાડો એ અજ્ઞાન કાઢવું નહીં પડે. એ સનાતન. આપણે નિર્ગુણમાર્ગવાળા છીએ. એટલે બાપાને કાયદે જીવન જીવવાનું.

આપણે ઈન્દ્રિયો અંતઃકરણના દેવતા – સ્થૂળ, સૂક્ષ્મ ને કારણના, અહંતા ને મમતાએયુક્ત આપણી માનીનતાઓ વાઘ-વરુ જેવા જ છે. એ અનાર્યો જેવા જ છે. એ સુખી રહેવા ન દે. દેહાભિમાનેયુક્ત જીવાડી દે. મનમુખી જીવાડી દે. તો એટલા માટે આવા મોટેરા ને સદ્ગુરુ મંડળ છે તે ચૈતન્યના હિતેચ્છુ છે. રાગદ્વેષરહિત છે. આધ્યાત્મિક સમતામાં રહી કર્તાહર્તાપણું મહારાજનું માનીને જીવે છે. ભગવાનમાં રહીને સૂઝે તેમ આપણને વચનો આપે છે. એટલે એ જે સેવા આપે તે માહાત્મ્યેયુક્ત કરી લઈએ તો ગુણાતીત એ સેવા ગ્રહણ કરે ને એ સેવાથી બળ મળી જાય. સુખે સુખે પ્રગતિ થાય. એવું વર્તવાનું સૌને બળ મળે તે જ સાક્ષાત્‌ને પ્રાર્થના. (તા.૨૫.૨.૧૯૭૪)



## પ.પૂ.હરિપ્રસાદસ્વામીજીના પ્રાગટ્યદિને...

અખિલ ગુણાતીત સમાજના પ્રાણાધાર સ્વામીજીને પ્રાગટ્યદિનની હૃદય વંદના. સંબંધમાં આવ્યા તે સૌ ભક્તજનોને લોક, ભોગ, દેહ ને પક્ષથી પર કરી અક્ષરધામના સનાતન સુખના ભોક્તા બનાવી રહ્યા છે. હૃદયથી સતત પ્રાર્થનાભાવ સાથે સૂઝ આપી, અનેક એકાંતિકો તૈયાર કર્યા ને નારાયણીસેના સર્જીને અદ્‌ભુત કાર્ય કર્યું છે. એવા આપણા માવતર સ્વામીજીએ ૨૦૧૯માં અંબરીષો અને યુવકોની સભામાં પુણ્યના ઢગલા વિશે મનનીય ને ચિંતનીય પરાવાણી વહાવી, સુખ, શાંતિ, આનંદનો સરળ રાહ બતાવી દીધો તેનો નિદિધ્યાસ કરી જીવન ધન્ય બનાવીએ.

'આપણે દરરોજ પૂજા વખતે પ્રાર્થના કરવી કે, હે મહારાજ ! હે સ્વામી ! હે શાસ્ત્રીજીમહારાજ ! હે યોગીજીમહારાજ ! અમને એવો રૂડો બુદ્ધિયોગ આપો કે અમારું પુણ્ય ભેગું કરતા જ રહીએ. આ માટે કોઈપણ કામની શરૂઆત કરતાં પહેલાં અંતરમાં વિચાર રાખવો છે કે, મારે મારા હૈયાને વિષે દાસત્વભક્તિ પ્રગટાવવી છે. દાસના દાસ થઈને જીવવું છે. કોઈ આપણને બે શબ્દ કહી જાય તો હસતે મોંઢે સ્વીકારજો. ધોબીએ ધોબી ક્યારેય નહીં થવાનું. રોજ રાત્રે સૂતાં પહેલાં એકાગ્ર-નીરવ થઈને આપણું ચેકીંગ કરીએ કે, ચોવીસ કલાક દરમ્યાન કેટલીવાર નાપાસ થવાયું ? ફલાણાં-ઢીકણાંમાં તો પડ્યા નથી ને ? હુંહાટાથી, ડોળ ને દંભથી, પટલાઈના પ્રભાવથી તો વાતો નથી કરી ને? મેં મારું પુણ્ય બીજાને આપી તો નથી દીધું ને? આજે દિવસ દરમ્યાન મારાથી ધોબીએ ધોબી તો નથી થવાયું ને ? સ્વભાવનું પોષણ તો નથી કર્યું ને? મીઠાશથી જ, ગરીબ હૃદયે બધાની સાથે વાતો કરી છે ને ? નમતા હૃદયથી બધાંની સાથે વાતો કરી છે ને? હું સહજતાથી, સરળતાથી, બાપાની રીતે ગરીબ થઈને ચોવીસ કલાક વર્તું છું ? એ વિચારમાં રહી ચેકીંગ કરીએ. આવા સતત જાગ્રતતાના ભાવમાં આપણે બધાંએ જીવવાનું છે.

એક વાત કાયમ માટે યાદ રાખજો : જેટલું સરળતાથી જીવાશે એટલું જ દાસત્વ પ્રગટશે. એટલાં જ હઠ-માન-ઈર્ષા નિર્મૂળ થશે. જેટલું દાસત્વ પ્રગટશે એટલી જ હૃદયમાંથી ભક્તિની છોળો ઉછળશે. કોઈનોય અભાવ નહીં આવે, કોઈનેય માટે અરુચિ નહીં થાય, બધાં ખૂબ મોટા છે એવું મનાઈ જશે. સૌ સાથે મીઠાશથી બોલીશું, વર્તીશું તો આપણા ઘરમાં ને આપણી આસપાસ પ્રેમથી ભરેલું એક ગુંજન ઉભું થઈ જશે. દરેકમાં પ્રેમ પ્રગટાવવો છે. તે માટે દાસત્વભરી વાણીથી દરેક સાથે વાતો કરવી. આપણે ક્યારેય વાણીથી નાપાસ નથી થવાનું. નહીં તો બધું જ પુણ્ય તમારું પરવારી જશે. માટે સૌ પાસે સરળતાથી, ભક્તિથી વાત કરતાં શીખવું જ છે. જેથી આપણા પુણ્યના ઢગલા થશે ને હઠ, માન, ઈર્ષા ગાયબ થઈ જશે.'

આજના મંગલદિને સ્વામીજીને અંતરથી પ્રાર્થના છે કે રાહ તો સરળ છે પણ અહમ્‌ની અસ્મિતાના પાસની ભૂમિકા આડી ના આવે તેવા આશિષ વરસાવી ધન્ય કરશોજી.

## પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

★ સુરત નિવાસી પૂ.કમલેશભાઈ ગોહિલ તા.૨૦.૩.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.

કમલેશભાઈનાં ધર્મપત્ની પૂ.રીટાબેનને નાનપણથી સત્સંગનો જોગ : ગુરુહરિ પપ્પાજી અને પ.પૂ.બેનની અંતરમાં દ્રઢ નિષ્ઠા તેથી ભજન પ્રાર્થના સેવાની સહજ ટેવ. એમાં કમલેશભાઈ તેમની આ ભક્તિમાં ભાગીદાર બન્યા. સત્સંગનું માહાત્મ્ય સમજ્યા ને એ સંસ્કારનું સિંચન તેમણે તેમનાં બાળકો પૂ.કિંજલબેન અને પૂ.હર્ષિલભાઈમાં પણ કર્યું.



અચાનક ૫૦ વર્ષની વયે અક્ષરનિવાસી થયા તેથી સમગ્ર પરિવાર માટે અકલ્પ્ય અસહ્ય બન્યું છે. તો હે સ્વામીશ્રીજી, ગુરુહરિ પપ્પાજી, પ.પૂ.બેન તથા સૌ સ્વરૂપો કમલેશભાઈના આત્માને પ્રગતિના પંથે રાખે ને સમગ્ર પરિવારને તેમની ખોટ સહન કરવાનું ખૂબ બળ આપે એ જ પ્રાર્થના.

★ બોરીવલી મંડળના (હાલ વિદ્યાનગર) ગુણાતીત સૌરભના વ્રતધારી, નિષ્ઠાવાન એકાંતિક પૂ.વિરેન્દ્રભાઈ દવે તા.૨૩.૩.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.



૧૯૬૨માં વિરેન્દ્રભાઈ જ્યારે ગોંડલ રેલ્વેમાં નોકરી કરતા હતા ત્યારે એક મિત્ર સાથે યોગીબાપાનાં દર્શને ગયા. બાપાએ ધબ્બો મારી આશીર્વાદ આપ્યા કે મુંબઈ બદલી થઈ જશે. તારદેવ દર્શને જજો ને મહાપૂજા કરાવજો. બાપાના આશીર્વાદથી મુંબઈ બદલી થઈ ગઈ. પણ તારદેવમાં ક્યાં જવું તેની કાંઈ ખબર ન પડી.

૧૯૬૪માં બોરીવલી રહેવા આવ્યા પછી પૂ.ધારશીભાઈનો પરિચય થતાં તેઓ સત્સંગી હોવાથી તેમના થકી પપ્પાજી, કાકાજી, બા, જ્યોતિબેનનો જોગ થઈ ગયો. બાપાએ કહેલી મહાપૂજાની પણ માનતા પૂરી થઈ. પપ્પાજીના વચને બોરીવલીમાં પૂ.રમણીક અદા અને પૂ.વિમળાબેનનો સંબંધ થયો. ત્યારથી પ્રત્યક્ષની નિષ્ઠા દઢ થતી ગઈ. તેમાં પપ્પાજીએ વિમળાબેનને કહ્યું કે ‘આ તમારા દીકરો ને વહુ.’ બંને પક્ષે તે દિવ્ય સંબંધ છેવટ સુધી રહ્યો. તેમના અંગત સેવક ને વિશ્વાસનીય બનીને રહ્યા. તેમના પ્રત્યેક વચન પ્રમાણે જીવન બનાવ્યું. સત્સંગની દરેક સેવામાં સક્રિય રહ્યા. હરિભક્તોની નાની મોટી સેવા કર્યા કરી. બાળમંડળ, યુવકમંડળની સભાઓ કરતા. ગુરુહરિ પપ્પાજીએ તેમને ભગતજીના માર્ગે સાધના કરવાનું વ્રત આપેલું હતું. તે પ્રમાણે સેવા કરવામાં માન-અપમાન થાય ત્યાં નિર્દોષબુદ્ધિ રાખી કોઈનું જોયું નહીં. પોતે પોતાના સ્વધર્મ પ્રમાણે સેવા કર્યા જ કરી. પોતાનો ગુસ્સાનો સ્વભાવ જ્યોતિબેનના વચને ધીમે ધીમે મૂકતા ગયા.

વિરેન્દ્રભાઈ અને રજનીબેન બંનેનું સત્સંગ પ્રધાન જ જીવન રહ્યું. દેહના સંબંધીઓ, કુટુંબીઓ સાથે તો ખપ પૂરતો પણ વ્યવહાર ન હતો. સત્સંગી જ આત્માના સગાં તેમ સૌ સાથે રસબસ થઈને રહ્યા. પોતાની નોકરી દરમ્યાન જે જે સંબંધમાં આવતા તેને પપ્પાજીનો મહિમા ગાઈ સત્સંગના માર્ગે મૂક્યા, જેમના કુટુંબોમાંથી પણ ઘણા અક્ષરમુક્તો ભગવાન ભજવાના રાહે ચાલ્યા. પોતાની એકની એક દીકરી અનુરાધાબેનને પણ સત્સંગના સંસ્કાર આપી ગુરુહરિ પપ્પાજી અને પૂ.દેવીબેનના શરણે ગુણાતીત જ્યોતમાં ભગવાન ભજવા મોકલી.

૨૦૧૨માં પ.પૂ.જ્યોતિબેનની આજ્ઞાએ મુંબઈ છોડી વિદ્યાનગર રહેવા આવ્યા. અહીં સ્થાનિક વ્રતધારી ભાઈઓ તથા હરિભક્તો સાથે ખૂબ આત્મીયતા કેળવી હતી. નિયમિતપણે પ્રભુકૃપામાં સવારની આરતી, પપ્પાજીના સંઘધ્યાનની પૂજા પાથરવી તેની બધી જ તૈયારીઓ કરતા. પ.પૂ.દીદીના વચને થોડો સમય પ્રભુકૃપામાં મહાપૂજા પણ કરી છે. તે સિવાય પોતાના અંગત ધૂન, પૂજા, સ્વાધ્યાય, પ્રવચન સાંભળવા, પ્રદક્ષિણા નિત્ય કરતા. ૨૦૧૪માં ધર્મપત્ની રજનીબેન ધામમાં ગયાં ત્યારે પણ તેમની સમતા એકસરખી રહી. છેલ્લે જે બીમારી આવી તેમાં ‘મહારાજનું ધાર્યું થશે. આપણે જેમ રાખે તેમ રહેવું. પણ મનમુખી સંકલ્પ ન કરવા’ તેવું માન્યું. ને

ખૂબ શાંતિપૂર્વક ગુરુહરિ પપ્પાજી અને જ્યોતિબેનના શ્રી ચરણે પહોંચી ગયા.

★ આણંદ મંડળના પૂ. ઘનશ્યામભાઈ પરસોત્તમભાઈ કાછિયા તા.૩.૪.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.

તેઓ જૂના નિષ્ઠાવાન સત્સંગી પરસોત્તમભાઈના



પુત્ર થાય. નાનપણથી સત્સંગનો જોગ. શાસ્ત્રીમહારાજ, યોગીમહારાજ આણંદ આવે ત્યારે બાપુજી સાથે દર્શન કરવા જાય. માતા-પિતા સેવા માટે રોકાયા હોય તો ઘરમાં નાના ભાઈ-બહેનોની સંભાળ બંને મોટા ભાઈઓ રાખતા. સંસ્થામાં ઓરડીઓ ચણવાની સેવા ચાલતી હતી ત્યારે પરસોત્તમભાઈ પોતાના પુત્રો ક્રિષ્ણકાંતભાઈ અને ઘનશ્યામભાઈને લઈને રોજ રાત્રે સેવામાં જતા. ઈંટો ઉંચકવાની, રેતીના તગારા, કપચીનો માલ ઉંચકવાની સેવા કરતા. તેવી જ રીતે શરૂઆતમાં ગુણાતીત જ્યોતની ગટરો ઉલેચવાની સેવામાં પણ બંને ભાઈઓ પૂ.પૂનમભાઈની આજ્ઞાથી મહિમાથી સેવા કરતા. પોતે ખૂબ જ ચોક્કસ ને નિયમિત. જે સેવા હાથમાં લીધી હોય તે દેહભાવ ગણ્યા વગર કરીને જ મૂકે. એવા સેવાભાવી ઘનશ્યામભાઈને અંતરથી અંજલિ.

★ આણંદ મંડળના પૂ.રેવાબા પરસોત્તમભાઈ કાછિયા તા.૪.૪.૨૧ના અક્ષરનિવાસી થયાં છે.

બ્ર.સ્વ.શાસ્ત્રીજીમહારાજના વખતથી સત્સંગ હતો. શાસ્ત્રીમહારાજ, યોગીમહારાજની ખૂબ સેવા કરી છે. તેમાં



પ.પૂ.કાકાજી, પ.પૂ.પપ્પાજીનો જોગ ખૂબ જ હતો. કાકાજી, પપ્પાજી, બહેનો જે સમયે ટ્રેનમાં પસાર થવાના હોય ત્યારે સ્ટેશને ઠંડુ પાણી, ચા-નાસ્તો લઈને જતાં. યોગીબાપા આણંદ આવ્યા હોય ત્યારે પણ ખૂબ સેવા કરતાં. જ્યારે ગુણાતીત જ્યોતના મકાનનું બાંધકામ શરૂ થયું ત્યારે મુંબઈથી સ્વરૂપો, બહેનો આવે ને આણંદના અજાણ્યા - ત્યારે પણ સેવામાં હાજર જ હોય. ૧૯૬૬માં જ્યોતની સ્થાપના થઈ ત્યારે શાકભાજી લઈ આવવાની સેવા પરસોત્તમભાઈ કરતા. નરસિંહ મહેતા જેવી પરિસ્થિતિ પણ ઘરે સ્વરૂપો કે હરિભક્તો પધારે તો જમ્યા વગર જવા જ ન દે. ગરમ ગરમ મેથીના ગોટા કે ભજિયા બનાવીને જમાડે. એમાં રેવાબાને ખૂબ આનંદ ઉભરાય. આમ સમગ્ર જીવન મહિમાથી સેવા કરીને જીવ્યાં.

પોતાની બે દીકરીઓ પૂ.ઉષાબેન અને પૂ.પ્રજ્ઞાબેન ગુણાતીત જ્યોતમાં ભગવાન ભજે છે. આવા સેવાભાવી ભક્તને અંતરથી અંજલિ.

★ ઘાટકોપરના નિષ્ઠાવાન એકાંતિક મુક્તરાજ પૂ.પુષ્પાબેન પ્રાણલાલભાઈ શાહ તા.૬.૪.૨૧ના અક્ષરનિવાસી થયાં છે.

ગુણાતીત સમાજના સભ્ય, ગુરુહરિ પપ્પાજી મહારાજ અને પ.પૂ.જ્યોતિબેન વિશે એકનિષ્ઠાથી જીવ્યાં. એમણે પોતાના કુટુંબીજનોને ને સંબંધમાં



આવનારને પણ પ્રત્યક્ષની નિષ્ઠા કરાવી. ઘાટકોપરના ચૈતન્ય માધ્યમ પૂ.ચંદ્રિકાબેન કાપડિયા ધામમાં ગયા પછી જ્યોતિબેને પુષ્પાબેનને સભાની જવાબદારી સોંપી. ને એમણે ખૂબ માહાત્મ્યથી આ સેવા બજાવી. સંબંધમાં આવનાર સર્વને મહિમા ગાઈ, નિષ્ઠા કરાવીને પ્રસન્નતાના પાત્ર બન્યાં. તેઓના કુટુંબીજનોને ખૂબ બળ મળે એજ સ્વામીશ્રીજી, ગુરુહરિ પપ્પાજી અને પ.પૂ.જ્યોતિબેન તથા પ્રત્યક્ષ સ્વરૂપોના ચરણે પ્રાર્થના.

★ માણાવદર તીર્થધામના અનન્ય નિષ્ઠાવાન જૂના જોગી પૂ.ઓધવજીબાપા ઝાલાવાડિયા તા.૧.૪.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.



યોગીજીમહારાજ વખતના પ્રત્યક્ષની નિષ્ઠાવાળા જૂના સત્સંગી. શ્રીજી મહારાજ અને ગુણાતીતાનંદસ્વામીના વખતના સત્સંગી પરિવારમાં જન્મ્યા. ગુણાતીતાનંદ સ્વામીની ઘરમાં

પધરામણી થઈ હતી તે પ્રાસાદિક દિવ્ય ભૂમિમાં રહ્યા અને ત્યાં જ છેલ્લા શ્વાસ સુધી ભજન કરતાં કરતાં અક્ષરધામ સિધાવ્યા. સંતાનોને પ્રત્યક્ષના સત્સંગનો સવાયો વારસો આપી, ઘર અને દેહ મંદિર બનાવ્યા. રંભાબા અને ઓધવજીબાપા બંને સર્વદેશીય અને ભજનિક હતાં. અક્ષરમુક્ત તરીકે જીવન જીવી ગયા એવા ઓધવજીબાપાને શ્રદ્ધાંજલિ સાથે જય સ્વામિનારાયણ.

★ વડોદરાના નિષ્ઠાવાન મુક્તરાજ પૂ.મણીબેન ફકીરભાઈ પટેલ તા.૧૩.૪.૨૧ના અક્ષરનિવાસી થયાં છે.

મણીબેનને પપ્પાજી અને દિવ્ય બેન વિશે અનન્ય નિષ્ઠા હતી. સાથે બધાં જ ગુણાતીત સ્વરૂપો વિશે સર્વદેશીયતાનો ભાવ હતો. મણીબેનના જીવનમાં સ્મિત, સમતા, શાંતિ, નિર્દોષભાવ, સુહૃદભાવ, આત્મીયતાથી સહજ જ ખમવું, નમવું અને સામેના મુક્તની રીતે, ભાવથી સેવા કરી, ગુરુ ને ગુરુહરિને પ્રસન્ન કરવા સિવાય કાંઈ હેતુ નહીં. જ્યાં જેમ રાખે ત્યાં તેમાં કર્તાહર્તા મહારાજ જ છે એવું માની જીવ્યાં ને તેમની ભક્તિ સનાતન બનાવી. મણીબેને પોતે દિલથી સત્સંગ કર્યો અને તેમના કુટુંબીજનોને સત્સંગનો વારસો આપીને ગયાં.



તેમની એકની એક દીકરી પૂ.સુસ્મિતાબેનને ગુરુહરિ પપ્પાજી મહારાજ અને પ.પૂ.દયાબેનના આશ્રયે રહી ભગવાન ભજવા મોકલી. તેમના દીકરા પૂ.દીપકભાઈ ને પુત્રવધુ પૂ.અરૂણાભાભીને અંબરીષના દીક્ષાર્થી બનવામાં સાથ આપ્યો. જેઓ પ.પૂ.હરિપ્રસાદસ્વામીજીના ચરણે સમર્પિત થઈ આત્મીયતાથી જીવન જીવી પ્રભુભક્તિ કરહ્યા છે.

આવા અક્ષરમુક્ત પૂ.મણીબેન એમના વર્તનથી, એમની ભક્તિથી એક આદર્શ જીવન જીવીને ગયાં. તો હે મણીબા ! આપ જ્યાં પ્રગટ હો ત્યાંથી સૌને આશિષ આપતા રહો અને પ્રેરણા બળ આપતાં રહો તેવી પ્રાર્થના. તેમના કુટુંબીજનોને ખૂબ બળ મળે તેવી પ્રભુચરણે અંતરની અભ્યર્થના.

★ મોરબી નિવાસી મહાએકાંતિક, આદર્શ ગૃહસ્થ સાધુ, ગુણાતીત જ્યોતનાં મોભી પૂ.લક્ષ્મણભાઈ બેચરભાઈ ડોરી તા.૧૩.૪.૨૦૨૧ના ગુડી પડવાના મહામંગલકારી દિને ટૂંકી બીમારી ગ્રહણ કરી, પુણ્યનું ભાથું સંગે લઈ અનંતની યાત્રાએ નીકળી ગયા.



પ્રભુનું ચૈતન્ય હતું તેથી તેને સહેજે પોતાનો જોગ આપવા, સૂતેલા આતમને જાગ્રત કરવા, નિમિત્ત યોજી, જ્યાં પ્રભુ પંથે પ્રગતિ હતી ત્યાં સુરત મુકામે મૂક્યાં. પૂ.જસુબેન જેવાં ગુણાતીત સ્વરૂપના જતનનો લ્હાવો મળ્યો. હૂંફ મળી અને ગુરુહરિ પપ્પાજીના યોગને પામી, પપ્પાજીના હૃદયમાં સ્થાન લીધું. જ્યાં પાકા થયા ત્યાં પોતાનું કાર્ય કરવા મોરબી મોકલ્યા.

ખૂબ શૂરવીર, ખરા ખપવાળા. પોતાને જ્યાં મનાઈ ગયું કે આ પપ્પાજી એ પરબ્રહ્મ તત્ત્વધારક સ્વરૂપ માનવદેહમાં છે પણ માનવ નથી, આ મારી ચૈતન્ય મા જસુબેન કહે છે તે સાવ સાચું છે. બસ હવે એની પ્રસન્નતા અને એની સેવા એ જ મારું જીવન.

ઘરમાં, પરિવારમાં, મિત્રમંડળમાં બધે જ જ્યોત, ગુરુહરિ અને ગુરુના ગુણગાન અને એમના માટે શું ના થાય ? કેવી રીતે રાજી કરી લઉં ? અને જેની જેની સાથે સ્નેહ છે, મિત્રતા છે, સંબંધ છે તે સર્વેને આ રંગે રંગાવામાં સહિયારી કરું, એ જ એક ઉદ્યમ બની ગયો. ખૂબ મહેનતુ અને સાથે ચૈતન્ય જનની જસુબેનની કેફભરી, પ્રોત્સાહિત કરતી સબીજ વાતું. એ વાતુ સતત વાગોળી, વર્તને મૂકી. સેવા સ્વરૂપ અને માહાત્મ્ય સ્વરૂપ બની રહીને સર્વની સેવા કરી. જ્યોતની બહેનો, સંતો, યુવકો, ગૃહસ્થ હરિભક્તો અને સ્વામિનારાયણની કોઈપણ સંસ્થા કે સેન્ટર હોય સર્વને સેવાથી રાજી કરી લીધા.

પોતાનું મોરબીનું ઘર એ જાણે જ્યોતનું એક સેન્ટર, તેથી છએ ભાઈઓનો પરિવાર સેવામાં તૈયાર. વિચરણમાં

સંત બહેનો, ભાઈઓ કે સંતો જાય એટલે વિસામો તેમના ઘરે જ હોય. શિબિરો યોજી અને તેમાં પોતે નિર્લેપ રહી પપ્પાજીના આદર્શ પ્રમાણે સેવા કરી ને કરાવી. પરિવારના મુક્તોને પ્રભુની પ્રસન્નતાના પાત્ર બનાવ્યાં.

એમની સ્વરૂપનિષ્ઠા દ્રઢ અને સત્સંગનું સાચું હાર્દ સમજ્યા હતા જેથી સ્પષ્ટવક્તા થઈ શૂરવીરતાથી કહેતા કે 'સ્વભાવમાં પરિવર્તન લાવે, સંપ-સુહૃદભાવ-એકતાના નાતે કેવી રીતે પોતાપણું મૂકીને, પ્રભુને ઉપાયભૂત કરી, પ્રભુના થઈને રહેવાય એ જીવન અમને પપ્પાજી અને એમના ગુણાતીત સ્વરૂપો થકી મળે છે.' કહેતા ને આદર પણ કરતા.

માનની કોઈ અપેક્ષા નહીં. અને સેવાનું જાણપણું નહીં. મિત્રમંડળમાં પણ એ જ વાત કરતા કે, આપણે આપણાં કલ્યાણ માટે સેવા કરવી છે.

છેલ્લા ૧૦ વર્ષથી પોતે ફેક્ટરીમાંથી નિવૃત્ત થયા. અને પુત્ર-પૌત્રના એક ગાઈડ થઈ, જગતથી નિર્લેપ અને પ્રભુકાર્યમાં પ્રવૃત્ત જીવન બનાવ્યું. તેમાં ધર્મપત્ની જસુબેનને પણ સહભાગી બનાવ્યાં. હંમેશા સાથે જ રાખતાં.

પોતાના એકના એક દીકરા પૂ.અશ્વિનભાઈને ગૃહસ્થાશ્રમમાં રાખી - ગુણાતીત પ્રકાશના વ્રત માટે સંમતિ આપી ને તેઓ પણ પ્રભુમાર્ગે દોડે છે.

પૌત્ર પરમભાઈ અને દિવ્યેશભાઈમાં પણ સત્સંગનો પાકો રંગ ચઢે તેવી તકેદારી રાખી. પુત્રવધુ નીતાબેન અને પૌત્રવધુને પણ એ જ સિંચન સતત કરતા રહ્યા.

પૂ.લક્ષ્મણભાઈનું પપ્પાજીએ હુલામણું નામ પાડ્યું હતું 'લક્ષ્મણબાપા'. નાની ઉંમરે પણ સત્સંગમાં પીઢ થઈને રહેતા. પોતે ખરા શ્રુત હતા, જેથી ગુરુ તરફથી મળેલું જ્ઞાન, કથા સાંભળી, વાગોળી પોતાને માટે ગુટકો બનાવી લેતા. શ્રવણ-વાંચન અને જે ગ્રહણ કર્યું હોય તે વાતોનો આસ્વાદ સભા ને સમૈયામાં સ્ટેજ પર શૂરવીરતાથી, કેફથી કહેતા જે સાંભળવા સૌ એકાગ્ર થતા.

તેમના જેવા અજોડ, અદ્વિતીય, આદર્શ બળવાન આત્માને અમારા કોટિ કોટિ ભાવવંદન, હૃદયવંદન.

★ નરોડા મંડળના પૂ.શારદાબેન રમણભાઈ પંડ્યા તા.૧૫.૪.૧૯ના અક્ષરનિવાસી થયાં છે.



શારદાબેન રાંક છતાં તેજસ્વી. નરોડા મંડળની સભામાં નિયમિત હાજરી આપતા. પ્રસંગે ભજન કરી પ્રભુનો અનુભવ કરતાં. પ.પૂ.દેવીબેન માટે ગુરુભાવ અને ગુરુહરિ પપ્પાજીની દૃઢ નિષ્ઠા પોતાને હતી ને આખા કુટુંબનો સાંધો દૃઢ કરાવ્યો. સૌને સત્સંગનો વારસો આપ્યો. તેઓ સામાન્ય બીમારીમાં પ્રભુ ચરણે બિરાજી ગયાં.

★ મોરબી નિવાસી પૂ.મુક્તાબેન ગંગારામભાઈ ઓગણજા (પૂ.નીતાબેન અશ્વિનભાઈ ડોરીના માતુશ્રી) તા.૧૭.૪.૨૦૨૧ના અક્ષરનિવાસી થયાં છે.



મુક્તાબેનને પોતાની દીકરી નીતાબેનનો સંબંધ જે દિવસે પૂ.લક્ષ્મણબાપા મોરબીના અશ્વિનભાઈ સાથે થયો તે દિનથી સ્વામિનારાયણ ધર્મનો સ્વીકાર ખૂબ માહાત્મ્યથી કર્યો. મુક્તાબેન અને ગંગારામભાઈએ પૂ.લક્ષ્મણબાપા અને અશ્વિનભાઈના જીવનને નિહાળ્યું અને ગુરુહરિ પપ્પાજી અને ચૈતન્યજનની પ.પૂ. જસુબેનના આશ્રિત બન્યાં.

મુક્તાબેન એટલે એકદમ શાંત, નિર્દોષ. ભક્તિભાવથી ભરપૂર, પરિવારને ભક્તિમાં ડૂબેલા જોઈ આનંદતા અને સદાય હાસ્ય રેલાવતા. અંતરથી સત્સંગી જીવન જીવવાનો સહયોગ આપતા.

પોતાના ત્રણેય દીકરાઓના પરિવાર તથા દીકરીઓના પરિવારમાં ગુણાતીત જ્યોતના પ્રણેતા ગુરુહરિ પપ્પાજી મહારાજ, ગુણાતીત ગુરુ પ.પૂ.જસુબેન તથા ગુણાતીત સ્વરૂપો પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેન અને બ્ર.સ્વ.પ.પૂ. જ્યોતિબેન, બ્ર.સ્વ.પ.પૂ.તારાબેન સર્વનો મહિમા જોઈ પોતાને કાંઈ ના આવડે તો મનથી તો સાથ અપાય તેવી સમજણથી જીવ્યા. અંતિમ પળોમાં આરતી સાંભળતા સાંભળતા પ્રભુમાં લીન થઈ ગયાં. એવા દિવ્ય આત્માને અમારી અંતરથી ભાવાંજલિ.

★ જામનગરના પૂ.ભરતભાઈ મગનભાઈ જાખરીયા તા.૧૮.૪.૨૦૨૧ના કોરોના સંક્રમણમાં અક્ષરનિવાસી થયા છે.



ભરતભાઈ સરલાબેન મગનભાઈ જાખરીયાના સુપુત્ર થાય. સરલાબેને પોતાનો ભક્તિનો વારસો કુટુંબીજનોને આપ્યો તે વારસો ભરતભાઈએ પચાવ્યો. તેમની કસ્ટમ ઓફીસર તરીકે જ્યાં જ્યાં બદલી થઈ ત્યાંથી પોતાના કર્મયોગને અનુરૂપ ગુણાતીત જ્યોતની સેવાઓમાં મદદરૂપ થતા. આ ઉપરાંત, સમૈયા ઉત્સવોમાં પધારી, ફાળે આવતી સેવાઓ કરી પુણ્ય કમાયા. ગુરુહરિ પપ્પાજી અને પ.પૂ.તારાબેનને પ્રધાન રાખી સત્સંગ અને વ્યવહારના કાર્યો કરતા. તેઓનો આત્મા તો પ્રભુ પપ્પાજીના સાંનિધ્યે બિરાજમાન થઈ ગયો છે. એવા ભરતભાઈને હૃદયથી અંજલિ અર્પણ કરીએ છીએ. પૂ.હીનાભાભી ને બાળકો તથા સૌ કુટુંબીજનોને આ આઘાત ઝીલવાનું ખૂબ જ બળ પ્રભુ અર્પે એ જ ગુરુહરિ પપ્પાજી અને સૌ સ્વરૂપોના ચરણે પ્રાર્થના.

## બ્રહ્મલીન

★ ગુણાતીત જ્યોતનાં વ્રતધારી સંત બહેન પૂ.ગોદાવરીબેન રતનપરા તા.૧૮.૪.૨૦૨૧ના અક્ષરનિવાસી થયાં છે.

સ્વામિનારાયણ ધર્મવાળા કુટુંબમાં ગોદાવરીબેનનો



જન્મ થયો. જોગીબાપા અજાબ પધાર્યા ત્યારે ગોદાવરીબેનના પિતાજી પૂ.હીરજીભાઈએ જોગીબાપાની પધરામણી પોતાના ઘરે કરાવી ત્યારે જોગીબાપાએ આશીર્વાદ આપેલા કે, 'તમારા ઘરે મુક્તનો જન્મ થશે ને એ ભગવાન ભજશે.' એ મુક્ત એટલે ગોદાવરીબેન.

આમ પૂર્વના અનાદિ મુક્ત. સાધુતા લઈને જ પૃથ્વી પર પધાર્યા. ગોદાવરીબેન આઠમા ધોરણમાં ભણતાં હતાં ત્યારે પહેલીવાર વિદ્યાનગર ગુણાતીત જ્યોતમાં આવેલાં. પ.પૂ.જસુબેનને ગુરુપદે સ્વીકારી લીધાં. ગુરુહરિ પપ્પાજીનાં દર્શન કર્યા ને પૂર્વનો સંબંધ તાજો થયો. ને પોતે મનોમન નક્કી કરી લીધું કે, મારે ભગવાન જ ભજવા છે. ગુરુહરિ પપ્પાજીએ જીવમાં સ્થાન લઈ જન્મોજન્મના સુખી કરી દીધાં.

ગોદાવરીબેન પોતે મહિમાવાળાં. ધ્યેય પ્રત્યે સભાન. તેથી સિદ્ધાંતે જીવવાનું તેને સુગમ થઈ ગયું. જે સેવામાં મૂકો તેમાં પોતે મન દઈને પ્રભુ રાજી થાય તેવી સેવા કરતાં. તેઓએ રસોડામાં, કોઠારમાં સેવા કરી છે. તો સમૈયા ઉત્સવમાં જ્યોતમાં મંડપ બાંધવાની સેવા પણ કરી છે. વાસણોને કલાઈ કરવી, જરૂરિયાતની નાની ઓરડીઓ ચણવી, ઉનાળામાં અગાસીમાં ચૂનો કરવો આવી અનેક સેવાઓ પૂ.મંદાબેન ત્રિવેદી અને પૂ.ભારતીબેન મોદીના નેતૃત્ત્વ નીચે ખૂબ મહિમાથી કરી છે. આંતર શુદ્ધિકરણમાં પ્રસંગોની હારમાળા તો હોય જ. પરંતુ જસુબેને પહેલેથી કિમીયો બતાવી દીધેલો કે, 'કંઈપણ બને તો કાર્યકારણમાં પડ્યા વિના પ્રભુ જ કર્તાહર્તા છે એમ માની ભજન કરી જે-તે પ્રસંગમાંથી બહાર નીકળી જવું.' બસ આ વચનને જીવન બનાવી દીધું. ક્યારેય કોઈ સાથે જીભાજોડી કરી નથી. સ્વભજનથી દરેક પ્રસંગ ઉકેલતા ગયાં ને પ્રભુનું સુખ પામતાં ગયાં.

પછી તો પોતે સફાઈ વિભાગના હેડ થયાં. ખૂબ મહિમાથી સાથીદારોનો સાથ લઈ જ્યોતનો સફાઈ વિભાગ વર્ષો સુધી સંભાળ્યો છે. પોતે સ્વાધ્યાયી અને ભજનિક હતાં. તેઓ થકી અનેક ગૃહસ્થો પણ પ્રભુના સંબંધને પામી અક્ષરધામનું સુખ અનુભવી રહ્યાં છે. તેમના યોગમાં થોડીવાર જ આવ્યા હોઈએ તો તેટલા સમયમાં સ્મૃતિપ્રસાદ પીરસી પ્રભુથી ભર્યા કરી દેતાં. સૌમાં હળીમળી જવું, કહે તેમ કરવું, કોઈનું જોવું નહીં, ખટપટ-આઘીપાછી કરવી નહીં, બધાં પ્રભુ સ્વરૂપો છે એવું દિલથી માનવું આ તેમના સહજ ગુણ હતાં. દાસત્વ અને નિર્દોષબુદ્ધિમાં પણ અજોડ. એવાં ગોદાવરીબેને ક્યારેય ગુરુહરિ-ગુરુને ઓશિયાળા કર્યા નથી. સર્વે સ્વરૂપોનો રાજીપો પ્રાપ્ત કરી પ્રસન્નતાનું પાત્ર બન્યાં છે.

ગોદાવરીબેનને છેલ્લા ૪ વર્ષથી ફેફસાની બીમારી હતી. તેમાં પણ દેહાતીત રહ્યાં. તેમના ચહેરા પર

દુઃખની રેખાઓ ક્યારેય વર્તાઈ નથી. 'બસ પ્રભુ ! જે તમારે કરાવવું છે તેમાં મારું પૂરું કરી આપજો.' આવી અભીપ્સા સાથે બીમારીનેય પ્રભુનો પ્રસાદ માનીને વર્ત્યા. આ બીમારીમાં પૂ.વનીબેન ચપલાએ ગોદાવરીબેનની મહિમાથી સેવા કરી ભક્તિ અદા કરી. અમ સૌના આદર્શ ગોદાવરીબેનને હૃદયથી વંદન છે.

★ ગુણાતીત જ્યોતનાં વ્રતધારી સંત બહેન પૂ.પ્રજ્ઞાબેન મચ્છર તા.૧૯.૪.૨૦૨૧ના અક્ષરનિવાસી થયાં છે.



પ્રજ્ઞાબેન મુમુક્ષુ આત્મા હશે તો નાનપણથી તેમના માનસપટ પર રહેતું કે મારે લગ્ન નથી કરવાં. તેમના ફોઈ પૂ.જમનાબેન વીંછી થકી સ્વામિનારાયણનો સત્સંગ મળ્યો. આખુ કુટુંબ પૂર્વનું. સૌ સત્સંગપ્રધાન જીવન જીવતાં. તારદેવનો જોગ થયા બાદ ગુરુહરિ પપ્પાજીમહારાજનાં દર્શન, વાતુનો લાભ ગુરુવારની સભામાં લેતાં.

પ્રજ્ઞાબેનને ૧૯૬૫માં પ્રથમવાર ગુરુહરિ પપ્પાજી મહારાજનાં દર્શન થયાં. તેમનાં મોટા બહેન પૂ.ચંદ્રીબેનના ગુરુ પૂ.દીદી હતાં તેથી તેઓના ઘરે અવારનવાર દીદી પધારતાં. પ્રથમ દર્શને દીદી સાથે આત્મીયતા થઈ ગઈ ને પૂર્વની ઓળખાણ તાજી થઈ ગઈ ને પોતાને પ્રભુમય રાહ મળી ગયો. પપ્પાજી અને દીદી જન્મોજન્મના રખવાળ છે તેવું અંતરમાં દ્રઢ થઈ ગયું ને ગુરુહરિ પપ્પાજીએ આતમમાં સ્થાન લઈ લીધું. ૧૯૭૬માં ગુરુહરિ પપ્પાજી અને પ.પૂ.દીદીના આશરે ભગવાન ભજવાનું વ્રત લીધું.

૧૯૭૬માં પૂ.દિનકરભાઈ પંડ્યા ગુરુહરિ પપ્પાજી પાસે આવ્યા અને કહે, 'બીજાં શિક્ષિકા બહેનો હોય તો આપણી સ્કૂલમાં જોઈએ છે.' ને પપ્પાજીએ તેમજ દીદીએ પ્રજ્ઞાબેન અને હંસાબેન મોદીની પસંદગી કરી. ને તેઓ શિક્ષિકા તરીકે શારદામંદિર સ્કૂલમાં જોડાયાં. વાઈસ પ્રીન્સીપાલ તરીકે પણ તેઓએ સેવા બજાવી છે. રીટાયર્ડ થયાં ત્યાં સુધી જ્યોતને વફાદાર રહી ગુરુહરિ પપ્પાજી, પ.પૂ.દીદી, પ.પૂ.જયુબેનને અંતર્યામી માનીને પળેપળ વર્ત્યા છે. સ્વરૂપોનો રાજીપો તો મેળવ્યો, સાથે સાથે પૂ.દિનકરભાઈ, પૂ.વિમુબેન, પૂ.સુનીલભાઈનો પણ રાજીપો પ્રાપ્ત કર્યો. પ્રજ્ઞાબેન હોય પછી નિશ્ચિંતતા, એવું સૌને રહેતું. તો વિદ્યાર્થીઓ અને વાલીઓના પણ એટલા જ પ્રિય કર્મયોગમાં બન્યાં છે. સ્કૂલમાં કર્મયોગી ને ઘરે આવે એટલે ભક્તિયોગી. જે સાધકની દિનચર્યા તે પોતે અપટુડેટ પાળતાં. પપ્પાજીએ કર્મયોગીને આદેશ આપેલો કે સવારે અડધો કલાક ધૂન કરી, બેટરી ચાર્જ કરી લેવી. ને રાત્રે સૂતાં પહેલાં અડધો કલાક ધૂન કરી લેવી. જેથી દિવસ દરમ્યાન કરેલા કર્મના પાશ મનમાં સ્થિર ના થાય. આ આદેશનું પાલન પ્રજ્ઞાબેને સંપૂર્ણ પણે દિલની સચ્ચાઈથી કર્યું છે.

વેકેશનમાં જ્યારે જે સેવામાં મૂકે ત્યાં તેઓ અહોહોભાવે જતાં. દીદી-જયુબેનનો પડછાયો બનીને જીવ્યાં છે. તેઓ રસોઈ ખૂબ સરસ બનાવતાં, જમાડવાનો પણ એટલો જ ભાવ, તો નવી નવી વાનગીઓ કરીને બહેનોને જમાડતાં. ૨૦૧૦માં તેઓ રીટાયર્ડ થયાં પછી પપ્પાજી તીર્થની સેવામાં, જ્યોત દરવાજાની સેવામાં, પ્રભુકૃપામાં થતા અન્નકૂટની સેવામાં, પરમ ક્લાસીસ અને દિવ્યદીપમાં મહેમાનોની સેવામાં મહિમાથી ભાગ લીધો છે. નિત તાજા ફૂલનાં હાર ઠાકોરજી અને ગુરુહરિ પપ્પાજી તથા પ.પૂ. દીદી માટે બનાવતાં ને અર્પણ કરતાં. તેમનું બ્રહ્મસૂત્ર જ 'માહાત્મ્યેયુક્ત સેવા કરી લેવી' તે હતું. તો જીવનપર્યંત દરેક સેવા અહોહોભાવે કરી છે. પોતે સેવા સામેથી શોધી લેતાં. નાના-મોટાં સૌને મદદ કરતાં. આમ અખૂટ પુણ્યની કમાણી કરી છે. જ્યોતની સેવા પૂરી થાય એટલે નિત્ય સ્વાધ્યાય, ધૂનમાં લાગી જતાં. તેમનું જીવન પ્રભુમય ને મહિમાસભર હતું. મૌન રહી દેહની બીમારીને ગણ્યા વિના સેવા જ કર્યા કરતાં. છેલ્લે ટૂંકી બીમારી આવી તેમાં પણ દેહાતીત રહ્યાં. દાસત્વ અને સેવાનો આદર્શ આપ્યો છે એવાં પ્રજ્ઞાબેનને અમ સૌનાં અનંત વંદન છે.

## નિર્ણય

★ એકાદશી : ચૈત્ર સુદ-૧૧, શુક્રવાર, તા.૨૩.૪.૨૦૨૧


★ એકાદશી : ચૈત્ર વદ-૧૧, શુક્રવાર, તા.૭.૫.૨૦૨૧

★ એકાદશી, પ.પૂ.હરિપ્રસાદસ્વામીજીનો પ્રાગટ્યદિન : વૈશાખ સુદ - ૧૧, રવિવાર, તા.૨૩.૫.૨૦૨૧

To,

RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2019-21
Lic Valid Upto: 31.12.2021
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT) :
Vallabh Vidyanagar MDG 388120

શાશ્વતધામે દર્શન...



Editor, Proprietor, Publisher & Printer : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Guajrat, India
Phone : (02692)230163, 236646, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@gunatitjyot.org
Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India